.

**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,**

**બ્લોક નં.ર, પહેલો માળ, "કર્મયોગી ભવન" નિર્માણ ભવનની પાછળ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર.**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, દ્વારા બિન સચિવાલય કારકુન તથા સચિવાલય સેવાના ઓફીસ આસિસ્ટન્ટ વર્ગ-૩ સંવર્ગની જગાઓ માટે જાહેરાત ક્રમાંક ૮૩/૨૦૧૬૧૭ અન્વયે તા.૧૬/૧૦/૨૦૧૬નાં રોજ લેવાયેલ લેખીત સ્પર્ધાત્મક પરીક્ષા ભાગ-૧ તથા તા.૦૩/૦૧/૨૦૧૭ થી તા. ૦૩/૦૧/૨૦૧૭ સુધી યોજવામાં આવેલ કોમ્પ્યુટર પ્રોફિસિયન્સી ટેસ્ટને અંતે આખરી પસંદગી / પ્રતિક્ષા યાદી મંડળ ધ્વારા તા. ૧૯/૦૪/૨૦૧૭ના રોજ જાહેર કરવામાં આવેલ. આ પ્રતિક્ષાયાદીમાં સમાવિષ્ઠ ઉમેદવારોને ઉપલબ્ધ ખાલી જગાઓ ધ્યાને લઇ, અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવામાં આવેલ છે. તેવા ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી કાર્યક્રમ માટેની સુચનાઓ.

**સબંધિત ઉમેદવારોને તારીખવાર નીચે મુજબના સ્થળે સ્વખર્ચે હાજર રહેવાનું જણાવવામાં આવે છે.**

**સ્થળઃ- ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, બ્લોક નં.ર, પહેલો માળ, "કર્મયોગી ભવન" નિર્માણ ભવનની પાછળ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર..**

**હાજર રહેવાની તારીખ અને સમય. અહી ક્લીક કરો. (લીંક-1)**

**-: ઉમેદવારો માટેની અગત્યની સુચનાઓ :-**

**૧.** તમામ ઉમેદવારો માટેની સૂચનાઃ

(૧) તમામ ઉમેદવારોએ ઉપરોકત સ્થળે નીચેના અસલ પ્રમાણપત્રો /દસ્તાવેજો અને તેનો સ્વ-પ્રમાણિત ૧ ઝેરોક્ષ સેટ તેમજ પાસપોર્ટ સાઇઝનો એક ફોટો અચુક સાથે લાવવાના રહેશે. અસલ પ્રમાણપત્રો રજુ કરવામાં નહિ આવે તો જે દિવસે અસલ પ્રમાણપત્ર રજુ કરશે તે દિવસે ઉપલબ્ધ જગાઓમાંથી પસંદગી કરવા દેવામાં આવશે.

(ક) ધોરણ-૧૨ની માર્કશીટ અથવા પ્રમાણપત્ર

(ખ) ધોરણ-૧૦ની માર્કશીટ અથવા પ્રમાણપત્ર

(ગ) શાળા છોડયાનું પ્રમાણપત્ર

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવ મુજબનું કોમ્પ્યુટરના બેઝીક નોલેજ બાબતનું પ્રમાણપત્ર

(૩) એસ.સી./એસ.ટી./એસ.ઇ.બી.સી. વર્ગના ઉમદવારો માટે જાતિ અંગેનું સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ પ્રમાણપત્ર

(૪) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું નિયત નમૂનાનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.ર૭/૦૪/૨૦૧૦ ના ઠરાવથી નિયત થયેલ **પરિશિષ્ટ-૪ (ગુજરાતી)** ના નમૂનામાં તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૬ ના સમયગાળાની આવકને ધ્યાને લઈ, તા.૦૧/૦૪/૨૦૧૬ થી અરજી કરવાની છેલ્લી તા.૨૦/૦૬/૨૦૧૬ સુધીના સમયગાળાનું ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું પ્રમાણપત્ર અરજીમાં દર્શાવ્યા મુજબના પ્રમાણપત્રના નંબર અને તારીખવાળું લાવવાનું રહેશે.

(૫) વિકલાંગ ઉમેદવારોએ સામાન્ય વહિવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ-ર થી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડન્ટ/સિવીલ સર્જનનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬) અરજીપત્રકમાં રમતગમતની લાયકાત ધરાવતા હોવાનું દર્શાવેલ ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તારીખ: ૦૧/૦૮/૧૯૯૦ ના ઠરાવના નમુના મુજબ માન્ય રમતગમતનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર લાવવાનું રહેશે. આ અંગેનો ઠરાવ

મંડળની વેબસાઇટ પર મુકવામાં આવેલ છે. (લીંક-૨) માન્ય રમત ગમતનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર નિયત નમુનામાં હશે તો જ માન્ય ગણાશે અથવા રમતગમતનાં માર્ક્સ બાદ કરીને મેરીટ રીજનરેટ કરવામાં આવશે.

**<u>ક્રમ નં.(૧) અને (૨) માં દર્શાવેલ પ્રમાણપત્રો તમામ ઉમેદવારોને લાગુ પડશે. જયારે ક્રમ નં. (૩) થી (૬)ના પ્રમાણપત્રો જે ઉમેદવારોના કિસ્સામાં લાગુ પડતા હોય તે ઉમેદવારોએ લાવવાના રહેશે</u>**

**૨.** વધુમાં અસલ પ્રમાણપત્રોની ચકાસણી કાર્યક્રમના સ્થળે તારીખવાર/સમય મુજબ જે તે ઉમેદવારોના સીરીયલ નંબર દર્શાવેલ છે. તે મુજબ તેમણે ફરજીયાત હાજર રહેવાનું છે.

**૩** **બિન સચિવાલય કારકુન** વર્ગ -૩ સંવર્ગની ફાળવણી સંદર્ભે ઉમેદવારે કાર્યક્રમના સ્થળે ઉપલબ્ધ જગ્યાઓ પૈકી પસંદગી દર્શાવવાની રહેશે. પ્રમાણપત્રો ચકાસણીનાં જે તે દિવસે ઉપલબ્ધ જગ્યાઓ પ્રમાણે ઉમેદવારે દર્શાવેલ પસંદગી / પ્રેફરન્સ આખરી અને તેને બંધનકર્તા રહેશે, જેમાં પાછળથી કોઇપણ તબક્કે ફેરફાર કરી શકાશે નહીં. જે ધ્યાને લઇ ખુબજ કાળજીપુર્વક પસંદગી / પ્રેફરન્સ દર્શાવવાના રહેશે. પ્રમાણપત્રોની ચકાસણી સ્થળે કોઇ પણ ઉમેદવારની સાથે આવેલ વાલીઓ ને પ્રવેશ આપવામાં આવશે નહી. પ્રમાણપત્રોની ચકાસણી કાર્યક્રમ સ્થળે ઉમેદવારો દ્વારા મોબાઇલનાં ઉપયોગનો પ્રતિબંધ છે.

**૪** ઉમેદવારે પોતાનું કોઇપણ એક આઇડેન્ટી પ્રૂફ જેવુ કે ડ્રાઇવીંગ લાઇસન્સ, ચૂંટણીકાર્ડ, આધારકાર્ડ કે પાનકાર્ડ અચૂક સાથે લાવવાનું રહેશે તેમજ તેની ૧ ઝેરોક્ષ નકલ સ્વ-પ્રમાણિત કરી આપવાની રહેશે.

**૫.** મહિલા ઉમેદવાર જો પરણિત હોય અને અરજી તેમજ પ્રમાણપત્રોના નામમાં વિસંગતતા હોય તો લગ્ન નોંધણી પ્રમાણપત્ર/સરકારી ગેઝેટ કે એફીડેવીટ રજૂ કરવાના રહેશે.

**૬.** વિધવા ઉમેદવારે પુન: લગ્ન ન કર્યા અંગે સોગંદનામું રજુ કરવાનું રહેશે.

**૭.** અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે નિયત તારીખ અને સમયે ઉમેદવાર હાજર નહિ રહે તો ઉમેદવારને "ગેરહાજર" ગણી યાદીમાંથી ગેરહાજર ઉમેદવારનો બેઠક નંબર "કમી" કરવામાં આવશે અને ભવિષ્યમાં આ બાબતનો કોઈ હક્ક દાવો ધ્યાને લેવામાં આવશે નહી. તેની ખાસ નોંધ લેવી. અનિવાર્ય કારણોસર (માંદગી કે કૌટુંબીક મરણ) પ્રમાણપત્રોની ચકાસણી કાર્યક્રમમાં હાજર ન રહી શકાય તેવા સંજોગોમાં કારણોના પુરાવા સાથે ઉમેદવારના નજીકના (મિત્ર સિવાય) વાલી અસલ પ્રમાણપત્રો સાથે પ્રમાણપત્રોની ચકાસણી કાર્યક્રમમાં હાજર રહી શકશે તથા આવા વાલીએ ઉમેદવારનું સંમતિપત્રક સાથે લાવવાનું રહેશે. (નમુનો લીંક-૩)

**૮.** ઉમેદવારોની ફાળવણી તેમના અસલ પ્રમાણપત્રોની ચકાસણીને આધીન રહેશે. ઉમેદવારે રજૂ કરેલ પ્રમાણપત્રો / દસ્તાવેજોમાં અને ઉમેદવારની અરજીની વિગતોમાં જો કોઇ વિસંગતતા જણાશે તો આ બાબતે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા જે કોઇ નિર્ણય કરવામાં આવે તે આખરી અને ઉમેદવારને બંધનકર્તા રહેશે.

**૯.** પ્રમાણપત્રોની ચકાસણી માત્રથી નિમણૂંક માટેનો કોઈ હક્ક આપોઆપ ઉમેદવારને મળી જતો નથી. તેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી.

**૧૦.** પ્રમાણપત્રોની ચકાસણી માટે મંડળની વેબસાઇટ પરની યાદીમાં ઉલ્લેખીત પ્રતિક્ષાયાદીમાં સમાવવાપાત્ર સંભવિત તમામ ઉમેદવારોને પત્રથી જાણ કરેલ છે. પરંતુ જે કિસ્સામાં ઉમેદવારને પત્ર ન મળે તો પણ સંબંધિત ઉમેદવારે વેબસાઇટમાં દર્શાવ્યા પ્રમાણે પ્રમાણપત્રોની ચકાસણી માટે નિયત સમય અને તારીખે મંડળની કચેરી ખાતે હાજર થવાનું રહેશે.

**૧૧.** ઉમેદવાર ઉપર દર્શાવેલ યાદીમાં પોતાના નામના સમાવેશ માત્રથી તેઓનો પસંદગી/ પ્રતિક્ષા યાદીમાં સમાવેશ માટેનો કોઇ હક્ક દાવો કરી શકશે નહીં.